# કરાર આધારીત જગ્યા માટેની જાહેરાત

## જિલ્લા પંચાયત કચેરી , સુરત

અત્રેની જિલ્લા પંચાયત કચેરી,દરિયા મહેલ ચોક બજાર,સુરત ખાતે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર હેઠળ મંજુર થયેલ પેટા આરોગ્ય કેન્દ્ર (હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર)માં કાર્યરત વિવિધ હેલ્થ પ્રોગ્રામો માટે નીચે જણાવેલ જગ્યાઓ રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) અંતર્ગત ૧૧ માસના કરાર આધારિત ધોરણે ભરવાની હોય, લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ જગ્યાઓ માટેની જરૂરી વિગતો આરોગ્ય સાથીની વેબસાઈટ https://arogyasathi.gujarat.gov.in પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શૈક્ષણિક લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ તા:૧૯/૦૩/૨૦૨૩ થી તા:૨૫/૦૩/૨૦૨૩ સુધીમાં આરોગ્યસાથી પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનુ નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | કોમ્યુનીટી હેલ્થ ઓફિસર (CHO) | ૪૫ |

**નોંધ :** નિમણુક આપવા અંગેની સંપુર્ણ સત્તા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત કચેરી (આરોગ્ય), સૂરતની રહેશે.

**ભરતી અંગેની શરતો અને નિયમો :**

(૧) આ જગ્યાઓ ફક્ત ૧૧ માસના કરર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે અને પરફોર્મન્સનાં આધારે કરાર રીન્યુ થશે. કાયમી નોકરી માટેનો હક્ક દાવો કરી શકાશે નહિ.

(૨) ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. રૂબરૂ, પોસ્ટ કે કુરીયર દ્વારા કોઇ પણ ફિઝિકલ અરજી સ્વીકારવામાં આવશે નહિ.

(૩) આરોગ્ય સાથી ઓનલાઇન પોર્ટલમાં PRAVESH>CANDIDATE REGISTRATION માં સૌપ્રથમ રજીસ્ટ્રેશન કરી PRAVESH>CURRENT OPENING માં જઈ લોગીન કરી ફોર્મ ભરવાનું રહેશે.

(૪) તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટની સુવાચ્ય સ્કેન કોપી ફરજિયાત અપલોડ કરવાની રહેશે.

17/3/23

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત કચેરી
સુરત

સ્થળ: સુરત
તારીખ:-૧૭/૦૩/૨૦૨૩.

# કોમ્યુનીટી હેલ્થ ઓફીસરની ભરતીની જાહેરાત

સુરત જિલ્લામાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પ્રોગ્રામ હેઠળ મંજુર થયેલ પેટા આરોગ્ય કેન્દ્ર (હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર)માં કોમ્યુનીટી હેલ્થ ઓફીસરની ખાલી રહેલ જગ્યાઓ પર કરાર આધારીત ૧૧ - માસ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવાની થાય છે. તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની થાય છે. આ જગ્યાઓ માટેની જરૂરી વિગતો આરોગ્ય સાથીની વેબસાઈટ https://arogyasathi.gujarat.gov.in પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે ,વયમર્યાદા ૪૦ વર્ષ સુધીના શૈક્ષણીક લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ સ્વ ખર્ચે તા.૧૯/૦૩/૨૦૨૩ થી તા.૨૫/૦૩/૨૦૨૩ સુધીમાં આરોગ્યસાથી પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | ફિક્સ માસિક પગાર |
|---|---|---|---|---|
| ૧ | કોમ્યુનીટી હેલ્થ ઓફીસર | 45 | ૧.B.A.M.S./GNM/B.Sc નર્સિંગની સાથે SIHFW વડોદરા દ્વારા બોન્ડેડ સરકાર માન્ય સંસ્થામાં સર્ટીફિકેટ કોર્ષ ઈન કોમ્યુનીટી હેલ્થ (બ્રીજ કોર્ષ) કરેલ (આ ઉમેદવારોને ભરતીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.)<br>અથવા<br>૨.CCCH નો કોર્ષ B.Sc નર્સિંગ તથા પોસ્ટ બેઝીક B.Sc નર્સિંગના કોર્ષમાં જુલાઈ-૨૦૨૦ થી સામેલ કરેલ હોય તેવી સંસ્થાઓ ખાતેથી જુલાઈ-૨૦૨૦ કે ત્યાર બાદ પાસ થયા હોત તેવા B.Sc નર્સિંગ ઉમેદવારો | રૂ. ૨૫,૦૦૦/- ફિક્સ |

અરજી સાથે જોડવાના આધારો :

૧. નિયત અરજી પત્રક

<u>અરજી કરવાનો નમૂનો :</u>

પ્રતિ શ્રી
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
જિલ્લા પંચાયત સુરત

(૧) ઉમેદવારનું નામ :
(૨) વોટ્સએપ મોબાઈલ નંબર :
(૩) ઈ-મેઈલ એડ્રેસ :
(૪) હાલના પત્ર વ્યવહારનું સરનામું :
(૫) કાયમી સરનામું :
(૬) જન્મ તારીખ : ઉંમર વર્ષ:
(૭) રાષ્ટ્રીયતા :
(૮) શૈક્ષણિક લાયકાત :

| શૈક્ષણિક લાયકાત | સ્કુલ/કોલેજ | પાસ કર્યાનું વર્ષ | કેટલા પ્રયત્નોમા | ટકાવારી |
|---|---|---|---|---|

(૯)ગુજરાત આયુર્વેદિક અને યુનાની કાઉન્સીલ/નર્સિંગ કાઉન્સીલ રજીસ્ટ્રેશન નંબર :

(૧૦)અનુભવ :

સંસ્થાનું નામ : હોદ્દો : સમયગાળો/વર્ષ, માસ : રીમાર્ક્સ :

ઉમેદવારની સહી

૨. શૈક્ષણિક લાયકાત સબબના પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અપલોડ કરવી.
૩. ગુજરાત આયુર્વેદિક અને યુનાની કાઉન્સીલ/નર્સિંગ કાઉન્સીલ રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અપલોડ કરવી
૪. ફોટો આઈડી કાર્ડની પ્રમાણિત ઝેરોક્ષ નકલ તેમજ પાસપોર્ટસાઈઝના બે ફોટા અપલોડ કરવા.
૫. શાળા છોડ્યાનું પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અપલોડ કરવી.
૬. CCCH નું માર્કશીટ અને પ્રમાણપત્ર બન્ને ફરજિયાત અપલોડનું રહેશે.(લાયકાત ક્રમ નં. ૧ ના ઉમેદવાર માટે).

17/3/23

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત સુરત